
# માણસની ગતિ યોગ્ય દિશામાં હોય તો જ પ્રગતિ થાય : પૂજ્ય ગુરૂમા

## સમદર્શન આશ્રમ આયોજિત જ્ઞાનસત્રનો મંગલ પ્રારંભ : શંકરાચાર્ય મહારાજ રચિત ભજ ગોવિન્દમ્ પર સાત દિવસીય જ્ઞાનસત્ર

ગાંધીનગર, તા. ૧૯

જીવનમાં ગતિ અને પ્રગતિની યોગ્ય દિશા માટેનો ઉલ્લેખ કરતાં પૂજ્ય ગુરૂમાએ જ્ઞાનયજ્ઞના પ્રારંભે જણાવ્યું કે, પ્રકૃતિના બધા જ તત્વો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી બધા જ ગતિ કરે છે તો મનુષ્યે પણ ગતિ કરતા જ રહેવુ જોઈએ પરંતુ તેની ગતિ યોગ્ય દિશામાં હોય તો જ પ્રગતિ થાય. આજનો



મનુષ્ય અનેક પ્રવૃત્તિ કરતો હોવા છતાં અધુરો લાગે છે તેનું કારણ દર્શાવતા પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, માનવ તેના મુળિયાથી ઉખડી ગયેલો છે. જેને લીધે તેની આંતરિક સમૃદ્ધિ ખૂબ ઓછી થઈ રહી છે. મનુષ્યમાં ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ દરેકમાં આપેલી છે, દરેક જીવ તાત્વિક રીતે પરમાત્મા જ છે. પરંતુ પોતાની આ શક્તિને ઓળખીને તેને યોગ્ય રીતે અભિવ્યક્ત કરવાની છે. બીજ રૂપે રહેલી આ અખુટ શક્તિને સાધના રૂપિ જમીનમાં રાખી તેના પર ભક્તિનું જળ સીચી જ્ઞાન અને કર્મના ખાતરની માવજત દ્વારા યોગ્ય જાળવણી થા તો તેનામાંનું પરમાત્મા તત્વ પ્રગટ થાય છે.

પૂજ્ય ગુરૂમાએ કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાન યોગના ભેદને સમજાવતા જણાવ્યું હતું કે, શરીર ઈન્દ્રીયનો વિકાસ એટલે કર્મયોગ, લાગણીવાળા મનનો વિકાસ એટલે ભક્તિયોગ અને બુદ્ધિ-વિચારનો વિકાસ એટલે જ્ઞાનયોગ. આ ત્રણેના યોગ્ય માત્રાના વિકાસથી અનેક મહાપુરૂષોએ જીવનમાં અપ્રતિમ વિકાસ સાધેલ છે. શીવથી પ્રારંભ કરીને ભગવાન વેદવ્યાસજી, શંકરાચાર્યજી અને વર્તમાન સમયમાં સાધકોને ભારતીય પરંપરાનો અમુલ્ય જ્ઞાનવારસો પીરસનાર આચાર્યો જીવનના અપ્રતિમ વિકાસને દર્શાવે છે.

આ જ્ઞાનવારસાના સંવર્ધક એવા આચાર્ય શંકરાચાર્યજીએ આ 'ભજગોવિન્દમ્' સ્તોત્ર કે જે ૩૧ શ્લોકનું નાનું પણ ખુબ મહત્વનું સ્તોત્ર છે જેમાં કોઈ મતનું ખંડન નથી પરંતુ મનુષ્યના દુઃખના કારણને દર્શાવી પરમાત્મ પ્રાપ્તિના ઉપાયને પણ દર્શાવે છે. અમોધ નિદ્રામાં ઘેરાયેલા જીવને ક્યારેક પ્રેમથી, ક્યારેક આક્રોશથી, ક્યારેક કાન આમળીને અને ક્યારેક ચાબખા મારીને ગુરૂજી જગાડે છે. સ્તોત્રના 'ગોવિન્દ' શબ્દને વિવિધ રીતે સમજાવતા પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, ગોવિન્દનો અર્થ વાણી પ્રાપ્ત કરાવનાર, પૃથ્વીને પાતાળમાંથી લાવનાર, વેદ શાસત્રોથી જ કળી શકાય તેવા તત્વો તરીકે, અને સર્વ ઈન્દ્રિયોના અધિપતિ એવો થાય છે. 'ગોવિન્દ' શબ્દ પરમાત્મ તત્વના સાકાર અને નિરાકાર બન્ને સ્વરૂપને દર્શાવે છે.

પ્રથમ દિવસના વક્તવ્યને વિરામ આપતા પૂજ્ય ગુરૂમાએ નવધાભક્તિની શ્રવણભક્તિ, કિર્તનભક્તિ અને સ્મરણભક્તિની સમજ

● અનુસંધાન પાન-૭ પર

# કુરિયર બોય બનીને શહેરમાં આતંક મચાવનાર ચોર ઝબ્બે

## રીઢા ચેઈન સ્નેચરે શહેરમાં ૭ ગુના આચર્યા હોવાની કબુલાત કરી : બાલાજી કુરીયરના સિક્કા મારેલા કવરો મળી આવ્યા : અગાઉ પાસામાં પણ ધકેલાઈ ચુકયો છે

ગાંધીનગર, તા. ૧૯

છેલ્લા સાતથી આઠ મહિનામાં કુરીયર બોય તરીકે ઘરમાં ઘુસીને વૃદ્ધોને ટાર્ગેટ બનાવી ચેઈન સ્નેચીંગ કરી તરખાટ મચાવી રીઢો શખ્સ આખરે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. સેકટર-૪માંથી પકડાઈ ગયેલા મુળ આણંદના અને હાલ વડોદરા રહેતા આ રીઢા શખ્સે શહેરમાં આ પ્રકારના સાત ગુના કર્યા હોવાની કબુલાત કરી લીધી છે. તેની પાસેથી મળી આવેલા બાલાજી કુરીયરના સિક્કા મારેલા કવરો કબ્જે લઈ એલસીબીએ ઝીણવટભરી પુછતાછ શરૂ કરી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ આર.એન. વાઘેલા, એએસઆઈ અંબાલાલ, હજારીસીંગ, સુરેશભાઈ સહીતના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે સે. ૪-સીમાં શંકાસ્પદ રીતે ડીસ્કવર બાઈક લઈને આવેલા એક શખ્સને પકડી પુછપરછ કરી હતી. વડોદરા કિસનવાડીમાં રહેતો અને મુળ આણંદના આંકલાવ વિસ્તારના આ શખ્સ કિશોર મોહન માછી પાસેથી મળેલી પ્લાસ્ટીકની થેલીમાંથી 'બાલાજી કુરીયર' ના સિક્કા મારેલા સફેદ કવરો મળી આવ્યા હતા. જેથી આ શખ્સને ઉઠાવીને એલસીબીની ટીમે ઝીણવટભરી તપાસ કરતા છેલ્લા સાત-આઠ મહિનાથી કુરીયર બોય દ્વારા થતી ચેઈન સ્નેચીંગના ગુનાઓના ભેદ ઉકેલાઈ જવા પામ્યા છે. વડોદરાથી ગાંધીનગર બાઈક પર આવીને સેકટરોના છેવાડાના મકાનો હોય અને હીલચાલ ઓછી હોય તેવા વિસ્તારોમાં આંટા મારીને મકાન બહાર લખેલા નામ-સરનામાની વિગતને આધારે કુરીયર તૈયાર કરી તે પહોંચી જતો હતો. ઘરે કુરીયર બોય બનીને ખોટુ આઈકાર્ડ બતાવી કાગળમાં સહી કરાવતી વખતે ચેઈન સ્નેચીંગ કરી આ શખ્સ ભાગી જતો હતો. સે. ૨૧ પોલીસની હદમાં બે અને સે. ૭ પોલીસની હદમાં ૫ મળીને શહેરમાં તેણે ૭ ગુનાઓ કુરીયર બોય તરીકે આવીને આચર્યા હોવાની કબુલાત કરતાં તેની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કરવા તજવીજ શરૂ કરી છે. અગાઉ આ શખ્સે વડોદરામાં પણ આ પ્રકારે સાત ગુના આચર્યા હતા અને વડોદરા પોલીસે તેને પાસામાં પોરબંદર જેલ ધકેલ્યો હતો. પાસામાંથી છુટ્યા બાદ ફરીથી તેણે આ ધંધો શરૂ કરી દીધો હતો.

### મહિલાની સતર્કતાથી કુરીયર બોય પોલીસના સકંજામાં આવ્યો

ગાંધીનગર શહેરમાં છેલ્લા આઠેક મહિનાથી તરખાટ મચાવી દઈ શહેરીજનોની તથા પોલીસની ઉંઘ હરામ કરી દેનાર એક રીઢો કુરીયર બોય સેકટર-૭-સી પ્લોટ નં. ૧૨૭૭/૨ માં રહેતા ફાલ્ગુનીબેન મહેતાની સતર્કતાથી પોલીસના સકંજામાં આવ્યો છે. મહીલાના ઘરને ટાર્ગેટ બનાવીને આ કુરીયર બોય દ્વારા બે થી ત્રણ વાર કુરીયર ડીલીવર કરવામાં આવ્યા. મહીલાએ સતર્કતા રાખીને ક્રોસ ચેક કુરીયર કંપનીમાં કરતાં તે નામનો કોઈ એમ્પ્લોય જ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જેની જાણ મહિલાએ પોલીસને કરતાં કુરીયર બોયને પકડવા સે. ૪માં ટીમ કામે લગાડી દેવાઈ હતી અને તે ઝડપાઈ ગયો હતો.



# ફાઈવસ્ટાર હોટલોની અછત હોવાથી વિદેશી ગેસ્ટને ટેન્ટમાં ઉતારો મળશે

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ૩૦૦થી વધારે ફાઈવ સ્ટાર ટેન્ટ ઉભા કરાયા

ગાંધીનગર, તા.૧૯

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને -વાસી ભારતીય દિનની ઉજવણી ગાંધીનગરના આંગણે થવાની છે પરંતુ સરકાર પાસે અને પ્રાઈવેટ પ્લેયર્સ પાસે ફાઈવસ્ટાર હોટલોની કમી હોવાથી આ ઈવેન્ટ્સમાં આવનારા દેશ-વિદેશના મહેમાનોને ફાઈવસ્ટાર ટેન્ટમાં ઉતારો આપવાની વ્યવસ્થા ખુદ સરકારે કરવી પડી છે. સરકારે સાયન્સ સિટી, અડાલજની વાવ અને ગાંધીનગરના અલગ અલગ ઠેકાણે ૩૦૦ જેટલા ટેન્ટ ઉભા કર્યા છે.

પ્રવાસન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત આણંદ અને મહેસાણા સુધીની તમામ હોટલોના બુકીગ ફુલ થઈ ગયા હોવાથી હવે મહેમાનોને ઉતારો આપવા માટે કચ્છના રણની જેમ ટેન્ટ બનાવી આપવામાં આવ્યા છે. પ્રવાસન વિભાગે સાયન્સ સિટી, અડાલજની વાવ અને શહેરમાં ટેન્ટ બાંધવાના કોન્ટ્રાક્ટ આપ્યા છે. ઓફિસરના જણાવ્યા પ્રમાણે ૩૦૦ ટેમ્પરરી ટેન્ટ ઉભા કરવાનો ખર્ચ ૧૦ કરોડ જેટલો થયો છે. આ ટેન્ટમાં સેનિટેશનની સંપૂર્ણ વ્યવસ્થા સાથે એરકન્ડીશન્ડ અને હિટર પણ મૂકવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે એક ટેન્ટ ઉભો કરવાનો ખર્ચ ત્રણ લાખ રૂપિયા થયો છે. આ ઉપરાંત કેરેવાન પ્રોજેક્ટના વાહનો ભાડે રાખવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટીલનો ઉપયોગ કરીને બનાવેલા ટેન્ટમાં ફ્લોરીગ વુડનનું રાખવામાં આવ્યું છે. આ હાઈટેક કોટેજમાં વાઈફાઈ ઈન્ટરનેટ સુવિધા આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

અડાલજની વાવ પાસે અને સાયન્સ સિટી પાસે ટેન્ટ બનાવવાનું મુખ્ય કારણ એ છે કે દેશ-વિદેશના મહેમાનો જે સ્થળે રોકાણ કરે છે તેમને આ બન્ને સ્થળો માણવાનું પણ મળી રહેશે. પ્રવાસન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે કે આ ટેન્ટ પાંચમી જાન્યુઆરી સુધીમાં શરૂ કરી શકાશે જેને ૧૧મી ફેબ્રુઆરી સુધી યથાવત રાખવામાં આવશે. સરકારે માત્ર ટેન્ટ બાંધ્યા નથી પણ તેની સાથે ચા-નાસ્તાની વ્યવસ્થા પણ ઉભી કરી છે અને એના માટે રેસ્ટોરન્ટ પણ બનાવવામાં આવી છે જેનો કોન્ટ્રાક્ટ અમદાવાદની જાણીતી હોટલોને આપવામાં આવ્યો છે.

રાજય સરકારે સ્ટે-હોમ ટુરિઝમ પોલિસી બનાવી છે અને તેનો ઉપયોગ કરવા ટેન્ડરો ઈસ્યુ કર્યા છે. કોઈ મકાન માલિકે ટેમ્પરરી પોતાનું મકાન કે ફ્લેટ ભાડે આપવો હોય તો તે આ મહેમાનો રાખી શકે છે. ટુરિઝમ વિભાગ પાસે આ એક વધારાનો વિકલ્પ પણ છે. વિદેશી મહેમાનોની આગતા સ્વાગતા કરવા માટે અમદાવાદ અને ગાંધીનગરના લોકોને પણ કહેવામાં આવ્યું છે. તેઓ તેમના ઘરે પણ આ મહેમાનોને રાખી શકે છે.

**કાઉન્ટ ડાઉન વાયબ્રન્ટ સમિટ**

# ગાંધીનગરમાં ઠંડી યથાવત

ગાંધીનગર, તા.૧૯

કોલ્ડવેવની અસર ઓછી થયા બાદ લઘુત્તમ તાપમાન ૧૦થી ૧૨ ડિગ્રીની વચ્ચે સ્થિર થયું છે. શહેરમાં ઠંડી યથાવત રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસથી ઠંડી સ્થિર સપાટી પર રહી છે. કોલ્ડ વેવ બાદ લઘુત્તમ તાપમાન ૧૦થી ૧૨ ડિગ્રીની વચ્ચે સ્થિર રહ્યું છે. જો કે ઠંડા પવનના કારણે ઠંડી વધુ અનુભવાય છે. વળી છેલ્લા બે દિવસથી વાદળછાયુ વાતાવરણ સર્જાયું છે. શુક્રવારે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી રહ્યું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૭ ટકા અને સાંજે ૩૭ ટકા રહ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

# જાણીતા ગાંધીવાદી અગ્રણી ચુનીભાઈ વૈદ્યનું નિધન

## પ્રધાનમંત્રી, રાજયપાલ, મુખ્યમંત્રી સહિત જાહેરજીવનના અગ્રણીઓની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના જાણીતા લોકસેવક અને ગાંધીવાદી અગ્રણી ચુનીભાઈ વૈદ્યનું અવસાન થતા ગુજરાતે એક ગાંધીયન ગુમાવ્યો છે. સાદગીસભર જીવન, પીડીતો અને વંચિતો માટે જીવન પર્યંત જનહિતના કાર્યોમાં પ્રવૃત્તિશીલ રહ્યા હતા. તેમના નિધનથી એક વરિષ્ઠ સમાજ સેવકની ન પૂરાય એવી ખોટ પડશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પ્રખર ગાંધીવાદી વરિષ્ઠ અગ્રણી શ્રી ચુનીભાઈ વૈદ્યના દુઃખદ અવસાન અંગે ઊંડા શોક અને આઘાતની લાગણી વ્યકત કરી સદ્ગતને શ્રધ્ધાંજલી પાઠવી છે.



સતત ઝઝુમતા અને ગુજરાતના હીતો માટે સતત લડત આપતા ચુનીભાઈ વૈદ્યના અવસાનથી ગુજરાતના જાહેર જીવનને ભારે ખોટ પડી છે. સદગતની અંતિમયાત્રામાં રાજયના જાહેર જીવનના આગેવાનો, પત્રકારો અને ગાંધીવાદીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર રાજયમાંથી શ્રધ્ધાંજલિઓનો અવિરત ધોધ વહી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ ચુનીભાઈ વૈદ્યના અવસાન અંગે દુઃખ પ્રગટ કરી શોક વ્યકત કર્યો છે.

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ પ્રખર ગાંધીવાદી અગ્રણી શ્રી ચુનીભાઈ વૈદ્યના નિધન પર ઊંડા દુઃખની લાગણી વ્યકત કરી હતી.

તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ શ્રી ચુનીભાઈ વૈદ્ય ગાંધી વિચારસરણીને વરેલા હતા. તેઓ

શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વ. ચુનીભાઈના નિધનથી ગાંધી વિચારધારાને આજીવન અનુસરેલા એક સંનિષ્ઠ સેવક આપણે ગુમાવ્યા છે તેવી લાગણી શોકસંદેશમાં વ્યકત કરી તેમના આત્માની ચીર શાંતિ માટે પ્રાર્થના કરી છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અને સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુતે આજ રોજ ૯૪ વર્ષની વયે ગાંધીવાદી અને ગુજરાતમાં માનવીય હક્ક માટે કાયમ ઝઝૂમતા શ્રી ચુનીભાઈ વૈદ્યના અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી હજારો ગરીબો, આદિવાસીઓ અને દલિતો વતી દુઃખની લાગણી વ્યકત કરી છે.

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ આજે સાચા ગાંધીયન એવા શ્રી ચુનીભાઈ વૈદ્યના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને સ્વર્ગસ્થના પરિવારજનો પર અચાનક આવી પડેલ આ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

# સી.ઈ.ઓ. કોન્કલેવને અનુલક્ષી પી.ડી.પી.યુ. પાસે હેલીપેડ બનશે

## પ્રધાનમંત્રી સહીત મહાનુભાવોની અવર જવરને ધ્યાને લઈ હેલીપેડ બનાવાશે

ગાંધીનગર, તા. ૧૯

વાઈબ્રન્ટ સમિટ દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. મહાત્મા મંદિર અને પી.ડી.પી.યુ. ખાતે મુખ્યત્વે યોજાનાર કાર્યક્રમોને અનુલક્ષી તંત્રકક્ષાએથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પી.ડી.પી.યુ. ખાતે સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રધાનમંત્રી સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હોવાથી આ વિસ્તારમાં ટુંકમાં હેલીપેડ પણ તૈયાર કરવામાં આવશે.

જાન્યુઆરીમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ દરમિયાન ચાર દેશોના પ્રધાનમંત્રી ઉપરાંત દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. દેશ-વિદેશના ડેલીગેટ્સ અને મહાનુભાવોની હાજરીને ધ્યાને લઈ નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવામાં આવી રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટ અને એકઝીબીશનને અનુલક્ષી વિવિધ પાંચથી વધુ સ્થળોએ કેટેગરી મુજબ પાર્કિંગ પ્લેસ બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત વી.વી.આઈ.પી. મહાનુભાવોની અવર જવરને ધ્યાને લઈ અમદાવાદ એરપોર્ટ સહીત હેલીપેડના સ્થળોએ પણ જરૂરી નિરીક્ષણ અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. વાઈબ્રન્ટ દરમિયાન પી.ડી.પી.યુ. ખાતે પ્રથમવાર સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રધાનમંત્રી સહીત અન્ય મહાનુભાવો પણ હાજર રહેવાના હોવાથી આ વિસ્તારમાં હેલીપેડ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે હેલીપેડ બનાવવાનું કામ હજુ શરૂ કરવામાં આવ્યું નથી. પરંતુ ઉચ્ચ કક્ષાએ યોજાયેલી બેઠક દરમિયાન કોન્કલેવને અનુલક્ષી હેલીપેડ બનાવવા વિચારણા થઈ છે. ટુંકમાં કામ શરૂ કરી દેવામાં આવશે.

# એમ.એસ. બિલ્ડીંગ પાસેથી ત્રણ ડમ્પરની ચોરી

## ખાણ-ખનીજ વિભાગે ડીટેઈન કરેલા ત્રણ ડમ્પરો ચોરાઈ ગયા : એમ.એસ. બિલ્ડીંગ પાસેથી ચોરેલા ડમ્પરો થોડે દૂર લઈ જઈ રેતી એક ખેતરમાં ઠલવી દીધી : ચોરો આસાનીથી શહેર બહાર નીકળી ગયા

ગાંધીનગર, તા.૧૯

ખાણ-ખનીજ વિભાગ દ્વારા રોયલ્ટીની બાબતે ડીટેઈન કરેલા ડમ્પરો પૈકી ત્રણ ડમ્પરોને લઈ રાત્રી દરમિયાન એમ.એસ. બિલ્ડીંગ પાસેથી તસ્કરો સહેલાઈથી ચોરી કરીને ભાગી જવામાં સફળ રહ્યા છે. સિકયુરીટી ગાર્ડ મુકયો હોવા છતાં ત્રણ ત્રણ ડમ્પરોની ચોરી શહેરભરમાં ચાલતી વાઈબ્રન્ટની તૈયારીઓ વચ્ચે થઈ જવી તે એક આશ્ચર્યજનક ઘટના છે. એક તરફ વાઈબ્રન્ટ માટે અત્યારથી તમામ નાકાઓ પર પોલીસ મુકી દેવાઈ છે તો બીજી તરફ જુની કલેકટર કચેરી પાછળથી જ ડમ્પરોની ઉઠાંતરી પણ સરળતાથી થઈ શકી છે.

ગેરકાયદે રેતીની હેરફેર-ખનન તથા રોયલ્ટી સહીતના કારણોસરખાણ-ખનિજ વિભાગ દ્વારા ડીટેઈન કરેલા ડમ્પરોને જુની કલેકટર કચેરી એમએસ બિલ્ડીંગ પાસે એક ખુલ્લી જગ્યામાં મુકવામાં આવેલ ત્યાં સિકયુરીટી ગાર્ડને પણ તૈનાત રાખવામાં આવેલ છે. ગત રાત્રે ૧૨ થી સવારે ૬ વાગ્યા સુધીના ગાળામાં આ જગ્યાએથી ત્રણ ત્રણ ડમ્પરોની ચોરી થઈ જવ પામી છે. પ્રજાપતિ અમીન ગોવિંદભાઈનું તથા તેના ભાઈ મહેન્દ્રનું અને કરશન મફાજી ઠાકોરનું મળીને ત્રણ વ્યકિતઓનું ડમ્પર ચોરી થઈ જવા પામ્યું છે. તે પૈકી બે ડમ્પરો રેતી ભરેલા હતા જે થોડે જ દૂર જઈને એક ખેતરમાં ઠલવી દેવામાં આવી હતી આ ડમ્પરોની ચોરી અંગે વાઘુ રબારીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

# કાયદો અને વ્યવસ્થા કથળી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે આવેદન-પત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈ શહેર કોંગ્રેસના આગેવાનોએ આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરને આવેદન-પત્ર આપ્યું છે.

શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલની આગેવાની નીચે ગયેલા પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં નાની-મોટી ચોરીના બનાવો જે નિત્યક્રમ બની રહ્યા છે તેને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

તેમણે તેમના આવેદન-પત્રમાં જણાવ્યું છે કે ભૂસ્તર વિભાગ દ્વારા પકડાયેલ ત્રણ આઈવા ડમ્પરોની ચોરી કલેક્ટર કેમ્પસમાંથી થઈ છે. એક તરફ તંત્ર દ્વારા થતી રંજાડ અને વાહનચોરીને લઈ સૌની પરેશાની વધી હોવાનું જણાવ્યું છે.

આ આવેદન-પત્રમાં ચોરીના આ બનાવને ગંભીરતાથી લઈ જવાબદારો સામે કડક હાથે કામ લેવાની માંગ કરાઈ છે. શહેરમાં વધતા જતા ચોરીના બનાવો અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

વાઈબ્રન્ટના તાઈફાઓ પાછળ સરકાર લખલૂટ ખર્ચ કરી રહી છે પરંતુ જાહેર જનતાની સલામતિ માટે કોઈ પગલાં લેવાતા નથી તેને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પ્રતિનિધિ મંડળમાં ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી હસમુખ મકવાણા, શ્રી અશોક શ્રીમાળી, શ્રી તેજાભાઈ દેસાઈ, શ્રી મુકેશભાઈ મારૂ સહિતના આગેવાનો જોડાયા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com